માણસો ઘડીભર કૃત્રિમ આનંદ પામી શકે છે કિન્તુ આત્માનો આનંદ તો આત્મસ્વરૂપને સમજવા માટે તેમાં લીન રહેવાથી મળે છે માટે આચાર્ય મહારાજ ઇન્દ્રિયોથી મળતા સુખનો નિરોધ કરે છે ઇંદ્રિયોને વશ કરી લે છે અને સાંસારિક અશાશ્વત સુખને તજવા પ્રયત્ન કરે છે આથી ઉત્તમસંયમ નામે ગુણ પ્રાપ્ત થાય છે, જે સંયમ ધર્મ આ ભવસાગર તરવા માટે ચેતનરૂપ નાવિકને ઉત્તમ હલેસાની ગરજ સારે છે માટે ઉત્તમસંયમ પ્રાપ્ત કરવા માટે બનતો પ્રયત્ન ભવ્યજીવોએ કરવોજ જોઇએ ॥ ૧૦૨ ॥

इच्छारोधात्तपोधर्मः श्रेयानिति विचारयन् ।
इच्छारोधं हि यः कुर्वन्नास्ते स्वात्मनि नौमि तम् ॥१०३॥

અર્થ—સર્વ પ્રકારની ઇચ્છાઓને રોકવાથી તપ નામે ઉત્તમ ધર્મ પ્રગટ થાય છે, જે આચાર્ય આ તપોધર્મને સર્વોત્કૃષ્ટ માને છે અને એજ વિચાર કરી સદા ઇચ્છાઓનો નિરોધ કરતા કરતા પોતાના આત્મામાં લીન રહે છે એવા શ્રી આચાર્યને હું નમસ્કાર કરૂં છું આ તપ નામે સાતમો ધર્મ છે અને આચાર્ય પરમેષ્ટીનો ઓગણીસમો ગુણ છે

ભાવાર્થ—"ઇચ્છા વિચ્છુના સમાન છે" જેમ વિચ્છુ એટલે વિંછિનો ડંખ મારીને દુઃખ આપે છે તેમ ઇચ્છા પણ માણસને પળવારમાં અનેક ઘોર કુકર્મ કરવા માટે મોહપાશમાં જકડી દે છે ઇચ્છાને વશ થઇ માણસ કુકર્મ કરતા પીછેહઠ કરતો નથી પણ જરૂર તેને તેમાં કરેલા કુકર્મોનો બદલો ભોગવ્યા વિના છુટકોજ નથી ઇચ્છાને વશ થઇ માણસ જો સુકૃત્ય કરે તો તે સારી ઇચ્છા ગણાય પણ મહા મુનિરાજ તો ઇચ્છા માત્રનો ત્યાગ કરે છે અને ઇચ્છાનો નિરોધ થવાથીજ ઉત્તમતપોધર્મનું યથાવિધિ પાલન કરી શકે છે તપોધર્મનું

પાલન કરવાથી ઉત્તમ સુખ મોક્ષરૂપી સાચુ સુખ સરળતાથી પ્રાપ્ત કરે છે ॥ ૧૦૩ ॥

त्यागधर्मो भवेदन्यभावाना वर्जनादिति ।
परभाव त्यजन् कुर्वन् दान स्व वेत्ति नौमि तम् ॥१०४॥

અર્થ.—પોતાના આત્મામાથી ભિન્ન પરભાવોનો સર્વથા ત્યાગ કરવાથી ત્યાગધર્મ પ્રગટ થાય છે એથી જે આચાર્ય બીજા ભાવોનો ત્યાગ કરી જ્ઞાન વિગેરેનુ ઉત્તમ દાન કરે છે, અને પોતાના આત્માના સ્વરૂપને સારી રીતે ઓળખે છે એવા આચાર્યને હુ નમસ્કાર કરૂ છુ આ ઉત્તમત્યાગ નામે આઠમો ક્રમ છે અને શ્રી આચાર્ય પરમેષ્ઠીના વીસમો ગુણ છે

ભાવાર્થ—પરભાવ એટલે આત્માના ઉચ્ચ ભાવોથી વિરુદ્ધ સાસારિક મોહમાયાના ભરેલા વિચારો આ ભાવનાઓ અતિ દુઃખકર છે તેનો ત્યાગ કરીને આત્મ-સુખ મેળવવા પ્રયત્ન કરવો જોઇએ. ઉત્તમત્યાગ ધર્મ ચાર પ્રકારના દાન કરવાથી પ્રગટ થાય છે દાન ચાર પ્રકારના આ પ્રમાણે છે— (૧) આહારદાન, (૨) શાસ્ત્રદાન, (૩) ઔષધદાન, (૪) અભયદાન. દરેક ભવ્યજીવો પોતાની યથા શક્તિ પ્રમાણે દાન કરવુજ જોઇએ. વ્રત વિગેરે સમયે અને જૈનીઓએ પર્યુષણના ત્યાગધર્મના દિવસે જરૂર ચારે પ્રકારના દાનમા પોતાથી બનતો ફાળો આપવો જોઇએ જેથી આત્માનુ અને પર આત્માનુ કલ્યાણ થઈ શકે, અને ઉચ્ચ સુખ પ્રાપ્ત કરી શકાય ॥ ૧૦૪ ॥

बाह्याभ्यन्तरसगौ हि त्यक्त्वा स्वात्मनि तिष्ठति ।
भेदविज्ञानशस्त्र य करे धृत्वा स्तवीमि तम् ॥ १०५ ॥

અર્થ—જે આચાર્ય ભેદ વિજ્ઞાનરૂપીશસ્ત્ર હાથમા લઇને બાહ્ય અને આભ્યતર સર્વ પરિગ્રહોને દૂર કરે છે, અને સગનો ત્યાગ કરે છે

અને છેવટે પોતાના આત્મામા લીન રહે છે એમની હુ સ્તુતિ કરૂ છુ આ ઉત્તમ આકિંચ ય નામે નવમો ધર્મ છે અને આચાર્ય પરમેષ્ટીનો એકવીસમો ગુણ છે ॥ ૧૦૫ ॥

ભાવાર્થ—ચોવીસ પ્રકારના પરિગ્રહો છે દશ બાહ્ય પરિગ્રહો અને ચૌદ અતરગ પરિગ્રહો આ સર્વે પરિગ્રહો અત્યત દુ ખકર છે પ્રથમ મુનિરાજ બાહ્ય પરિગ્રહોથી રહિત થઈ જાય છે પછી ધીમે ધીમે અતરગ પરિગ્રહો તજી દેવાનો યત્ન કરે છે અને જૈનધર્મના ઉત્તમ ભેદવિજ્ઞાનરૂપી શસ્ત્રને લઈને તે પરિગ્રહોનો વિનાશ કરી શકે છે જેથી તેઓ પોતાના આત્મામા લીન થઈ શકે છે શ્રાવકો પરિગ્રહોનો ત્યાગ ન કરી શકે તો તેમણે અવશ્ય પ્રમાણ રાખવુ જોઈએ અને તેથી પણ સ્વાત્મસુખ તરફ દૃષ્ટિ નાખી શકે છે જે મહામુનિરાજ પરિગ્રહોનો ત્યાગ કરે છે તેમને મારા નમસ્કાર છે આ સસારમા પરિગ્રહ તો વધારીએ તેટલો વધે અને ઘટાડીએ તેટલો ઘટે. માટે મનોભાવના પ્રબળ રાખી આત્મચિંતવન કરવુ જોઈએ ॥ ૧૦૫ ॥

सर्वाः स्त्रियः परित्यज्य मुक्तिस्त्रीसगमाय च ।
चिन्मये स्वात्मनि स्थातु यतते स्तौमि त सदा ॥१०६॥

અર્થ — જે આચાર્ય સર્વે પ્રકારની સ્ત્રીઓનો ત્યાગ કરી મુક્તિરૂપી સ્ત્રીને મેળવવા પ્રયત્ન કરે છે અને ચિદાનન્દમય પોતાના આત્મામા લીન રહેવા માટે સદા પ્રયત્ન કરે છે એવા આચાર્યની હુ સેવક સ્તુતિ કરૂ છુ આ બ્રહ્મચર્ય નામે દશમો ધર્મ છે અને આચાર્ય પરમેષ્ટીનો બાવીસમો ગુણ છે

ભાવાર્થ —નવ પ્રકારની શીયળની વાડ સર્વે મનુષ્યો અને સ્ત્રીઓએ રાખવી જોઈએ. જે એ શીયળવ્રત પાળે છે તેઓ દીપી નીકળે છે તેમની કીર્તિના ચોમેર વખાણ થાય છે સીતા, અજના વિગેરે

સતીઓ શીલ રક્ષાને માટે મશહૂર છે પુરુષોએ પણ બ્રહ્મચર્ય ધારણ કરવુ જોઇએ. જેઓ આ સસારની સ્ત્રીઓના સુખનો ત્યાગ કરીને સદા આત્મચિંતવન કરે છે તે વદનીય છે પૂજનીય છે એવા શ્રી મહામુનિગણ સર્વત્ર પ્રમાવશાળી વ્યક્તિતરીકે પૂજાય છે ખરેખર, સસારની વિચિત્ર માયા અને મોહનો જેઓ ત્યાગ કરી સદાને માટે ઉત્તમ બ્રહ્મચર્ય વ્રત પાળે છે તેવા શ્રી આચાર્ય દેવને મારું વદન છે ઉત્તમ બ્રહ્મચર્ય ગુણને ધારણ કરવાને માટે સર્વે જીવોએ મનોબળ કેળવીને ઉત્તમ વિચાર કરવા જોઇએ, અને બ્રહ્મચર્ય રાખવુ જોઇએ ॥ ૧૦૬ ॥

स्वर्मोक्षदायिनो हृद्या भवक्लेशविनाशिन. ।
मन्दबु या मया ह्येत दशधर्मास्तु वर्णिता ॥ १०७ ॥

અર્થ —એ ઉપર કહ્યા મુજબ દશ ઉત્તમ ધર્મો સ્વર્ગ અને મોક્ષનુ સુખ આપવાવાળા છે સર્વના હૃદયને આકર્ષિત કરવાવાળા છે, અને સસારના સમસ્ત ક્લેશોનો નાશ કરનારા છે, એવા એ દશ ધર્મનુ મેં મારી મદબુદ્ધિ પ્રમાણે વર્ણન કર્યુ છે ॥ ૧૦૭ ॥

છ આવશ્યકનુ વર્ણન

षण्णामावश्यकानां तु भववलेशविनाशिनाम् ।
व्या याधिनाशकानां च वर्णन क्रियतऽधुना ॥ १०८ ॥

અર્થ —સમતા વિગેરે છ આવશ્યકો સસારના બધા ક્લેશોનો નાશ કરવાવાળા છે અને આધિ, વ્યાધિ વિગેરે સમસ્ત રોગોનો નાશ કરવાવાળા છે એવા છ આવશ્યકોનુ વર્ણન હવે કરવામા આવે છે ॥ ૧૦૮ ॥

रागद्वेषौ परित्यज्य समं जानन् प्रियाप्रियौ ।
पदार्थौ यतते ध्यातुं स्वात्मानं प्रणमामि तम् ॥ १०९ ॥

અર્થ —જે આચાર્ય રાગ અને દ્વેષને સર્વથા છોડી દઈને પ્રિય અને અપ્રિય દરેક પદાર્થોને સરખા માની બધામા સમતાભાવ રાખે છે અને હમેશા પોતાના આત્માનુ ધ્યાન કરવા માટે પ્રયત્ન કરે છે એવા આચાર્યને હુ નમસ્કાર કરૂ છુ આ સમતા નામે પ્રથમ આવશ્યક છે અને આચાર્ય પરમેષ્ઠીનો તેવીસમો ગુણ છે ॥ ૧૦૯ ॥

भक्त्यार्हतां सदा मध्य वन्दनां कुरुते यति ।
एकस्यैव स शुद्धात्मा वन्दनाप्रविधायकः ॥११०॥

અર્થ —જે આચાર્ય મુનિરાજ અરહત દેવોમાથી ગમે તે કોઈ એક અરહતદેવની ભક્તિપર્વક વદના કરે છે તે શુદ્ધ આત્માને ધારણ કરવાવાળા વદના નામ આવશ્યકને ધારણ કરનારા કહેવાય છે આ વદના નામે બીજુ આવશ્યક છે અને આચાર્ય પરમેષ્ઠીનો ચોવીસમા ગુણ છે ॥ ૧૧૦ ॥

योऽर्हतां मोक्षदाना हि स्तुत्या मोक्षो भवेदिति ।
ज्ञात्वा कुर्वन् स्तवं नित्यं तृप्त स्वात्मनि नौमि तम् ॥१११॥

અર્થ —ભગવાન અરહતદેવ મોક્ષ આપવાવાળા છે એટલે એમની સ્તુતિ કરવાથી અવશ્ય મોક્ષની પ્રાપ્તિ થાય છે તેમ સમજીને જે આચાર્ય શ્રી અરહતદેવની હમેશા ભક્તિપૂર્વક સ્તુતિ કરે છે અને જે પોતાના શુદ્ધ આત્મામા હમેશા તૃપ્ત રહે છે, એવા આચાર્યદેવને હુ નમસ્કાર કરૂ છુ આ પરમેષ્ઠીની સ્તુતિ કરવી તે સ્તુતિ નામે ત્રીજુ આવશ્યક છે અને આચાર્ય પરમેષ્ઠીના પચ્ચીસમો ગુણ છે ॥૧૧૧॥

पक्षादिषु कृत दोष गुरवे यो निवेदयन् ।
प्रतिक्रमणमाकुर्वन् शुद्धस्तिष्ठति नौमि तम् ॥११२॥

અર્થ —જે આચાર્ય પખવાડીયુ, માસ અને વર્ષ નિર્ણય કરે ના અથવા પ્રમાદથી ઉત્પન્ન થયેલા દોષોને ગુરુની આગળ યથાસ્વરૂપમા જણાવે છે અને પ્રતિક્રમણ કરીને શુદ્ધ આત્મામા નિવાસ કરે છે એવા આચાર્ય પરમેષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ પ્રતિક્રમણ નામનુ ચોથુ આવશ્યક છે અને આચાર્યનો ૮ વીસમો ગુણ છે ॥ ૧૧૨ ॥

अतीतेऽनागत काले कृतदोष त्यजन् ध्रुवम् ।
प्रत्याख्यान सदा कुर्वन् ज्ञान स्वात्मनि नौमि तम्॥११३॥

અથ —જે આચાર્ય ભૂતકાળ અથવા ભવિષ્યકાળમા કરેલા સમસ્ત દોષોને ત્યાગ કરે છે અને હમેશા પશ્ચાત્તાપ અથવા ત્યાગ કરીને પોતાના શુદ્ધ આત્મામા લીન રહે છે એવા શ્રી આચાર્યને હુ વદન કરુ છુ આ પ્રત્યાખ્યાન નામે પાચમુ આવશ્યક છે અને શ્રી આચાર્ય પરમેષ્ઠીનો સત્તાવીસમો ગુણ છે ॥ ૧૧૩ ॥

देहाद्भिन्नोऽस्मि चैतन्यरूपोऽस्मीति निज स्मरन् ।
व्युत्सर्गं धारयन्नित्य तृप्त स्वात्मनि नौमि तम् ॥ ११४ ॥

અથ —હુ આ શરીરથી જુદો છુ અને ચૈતન્યસ્વરૂપ છુ એ પ્રમાણે પોતાના આત્માનુ સ્વરૂપ ચિતવીને જે આચાર્ય હમેશા વ્યુત્સર્ગ ધારણ કરે છે અને પોતાના આત્મામા હંમેશા તૃપ્ત રહે છે એવા આચાર્યને હુ વદના કરુ છુ આ વ્યુત્સર્ગ નામે છઠ્ઠુ આવશ્યક છે અને આચાર્ય પરમેષ્ઠીનો અઠ્ઠાવીસમો ગુણ છે ॥ ૧૧૪ ॥

षट्विंशानां हि चैतेषां वर्णनं क्लेपनाशकम् ।
आवश्यक्गुणानां हि कामदं मोक्षदं कृतम् ॥ ११५ ॥

अर्थ—એ પ્રમાણે આચાર્ય પરમેષ્ઠીના જે ૭ આવશ્યક ગુણ છે તેનુ વર્ણન સર્વ ક્લેશોનો નાશ કરવાવાળુ છે બધી ઈચ્છાઓને પૂર્ણ કરવાવાળુ છે અને મોક્ષની પ્રાપ્તિ કરવાવાળુ છે તેનુ વર્ણન ઉપર મુજબ મેં કર્યુ છે ॥ ૧૧૫ ॥

પંચાચાર વર્ણન

शान्तिसौख्यकरा नित्यं पंचाचारा सुखप्रदाः ।
वर्ण्यन्ते कामदा ह्यत्र भव्यतापविनाशकाः ॥ ११६ ॥

अर्थ—દર્શનાચાર વિગેરે પંચાચાર શાન્તિ અને સુખને આપવાવાળા છે સદા સુખી કરનાર છે વર્ણનીય છે, અને ભવ્ય જીવોના સમસ્ત સતાપને દૂર કરનારા છે એવા પાંચ આચારોનુ હવે વર્ણન કરવામા આવે છે ॥ ૧૧૬ ॥

पंचविंशतिदोषेभ्यो रहितं दर्शनं दधन् ।
तत्त्वश्रद्धां निजे कुर्वन् लीनं स्वात्मनि नौमि तम्॥११७

अर्थ—જે આચાર્ય પચ્ચીસ દોષોથી રહિત એવા સમ્યક્દર્શનને ધારણ કરે છે અને જે પોતાના આત્મામા જીવાદિ સાતે તત્ત્વોનુ શ્રદ્ધાન કરે છે અને પોતાના શુદ્ધ આત્મામા હમેશા લીન રહે છે એવા આચાર્ય પરમેષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ દર્શનાચાર નામે પ્રથમ આચાર છે અને આચાર્ય પરમેષ્ઠીના ઓગણત્રીસમો ગુણ છે ॥ ૧૧૭ ॥

तप नामे चोथो आचार छे, अने आचार्य परमेष्ठीना बत्रीसमो गुण छे ॥ १२० ॥

स्वात्मानं मोचयेदन्यात्स्वपदे स्थापयेद्ध्रुवम् ।
स्वराज्याय स्ववीर्येण यतते नौमि तं मुदा ॥ १२१ ॥

अर्थ —जे आचार्य पोताना वीर्याचारवडे अथवा आत्मबळनी द्वारा पोताना आत्माने समस्त पदार्थोथी अलग करी दे छे अने पोताना आत्माने पोताना आत्मजन्य स्वराज्यनी प्राप्तिने माटे पोताना शुद्ध आत्मामा लीन करी दे छे अर्थात् के हमेशा शुद्ध आत्मानी प्राप्ति माटे प्रयत्न करे छे एवा आचार्यने हु प्रसन्न थईने नमु छु आ वीर्याचार नामे पाचमो आचार छे अने श्री आचार्य परमेष्ठीना तेत्रीसमो गुण छे ॥ १२१ ॥

स्वर्मोक्षदायका पूता भवदु खनिवारका ।
पचधापि मयाचारा वर्णिता हितकारकाः ॥ १२२ ॥

अर्थ —आ पाचे आचार स्वर्ग अने मोक्षने आपवावाळा छे पवित्र छे ससारना दु खोना नाश करनारा छे अने बधानु हित करनारा छे एवा पाच आचारोना स्वरूपनु मे उपर मुजब वर्णन कर्यु छे ॥ १२२ ॥

त्रण गुप्तिओनु वर्णन.

वर्ण्यन्ते गुप्तय पूता भववह्निविनाशिका ।
स्वराज्यदायिका ह्या निजभावविबोधिका ॥१२३॥

अर्थ —हवे त्रण गुप्तिओनु वर्णन करवामा आवे छे आ त्रणे गुप्तिओ ससाररूप अग्निनो नाश करवावाळी छे आत्माना

શુદ્ધતારૂપ સ્વરૂ અને આપનારી છે હૃદયને મનોહર લાગે છે પવિત્ર છે અને પોતાના શુદ્ધ આત્માના સ્વરૂપને સમજાવનારી છે ॥૧૨૩॥

मोचयित्वाऽशुभाद्धित शुभ संस्थाप्य क्षापद ।
शुभादपि निजे लीन मनोगुप्तिधर स्तुवे ॥ १२४ ॥

અર્થ —જે આચાર્ય પોતાના હૃદયને અશુભ ધ્યાનથી દૂર કરી ઇચ્છાઓને શુદ્ધ કરવાવાળા શુભ ધ્યાનમા લગાડે છે અને ફરીથી શુભ ધ્યાનથી પણ સ્વહૃદયને દૂર કરીને પોતાના આત્મામા લીન કરે છે એવી મનોગુપ્તિને ધારણ કરવાવાળા આચાર્ય પરમેષ્ઠીની હુ સ્તુતિ કરૂ છુ આ મનોગુપ્તિ નામે પ્રથમ ગુપ્તિ છે અને આચાર્ય પરમેષ્ઠીના ચોત્રીસમો ગુણ છે ॥ ૧૨૪ ॥

शास्त्रनाश वचस्त्यक्त्वा मौन सदधत्ते यति ।
वचोगुप्तिधर नौमि स्वात्मध्यानपरायणम् ॥ १२५ ॥

અર્થ —જે આચાર્ય શાસ્ત્રની બહારના સમસ્ત વચનોનો ત્યાગ કરીને સદા મૌન ધારણ કરે છે અને પોતાના આત્મધ્યાનમા સદા લીન રહે છે એવા વચનગુપ્તિને ધારણ કરનારા આચાર્યને હુ નમસ્કાર કરુ છુ આ વચનગુપ્તિ બીજી ગુપ્તિ છે અને આચાર્ય પરમેષ્ઠીના પાત્રીસમો ગુણ છે ॥ ૧૨૫ ॥

मोचयित्वा वपु पापात् कायगुप्तिं दधन्मुनि ।
स्वात्मकार्यरतो यो हि त नमामि स्वशुद्धये ॥१२६॥

અર્થ —જે આચાર્ય પોતાના શરીરને સમસ્ત પાપકર્મોથી દૂર કરી કાયગુપ્તિને ધારણ કરે છે અને જે પોતાના આત્માને શુદ્ધ કરવાના કાર્યમા લીન રહે છે એવા આચાર્ય પરમેષ્ઠીને હુ મારા—

આત્માની શુદ્ધિ અથ નમસ્કાર કરૂ છુ આ કાયગુપ્તિ ત્રીજી ગુપ્તિ છે અને આચાર્ય પરમેષ્ટીના છત્રીસમો ગુણ છે ॥ ૧૨૬ ॥

गुप्तयो वर्णिता पूता. जन्ममृत्युविनाशिका' ।
षट्खण्डराज्यदायिन्यो मोक्षसौख्यविधायिका. ॥१२७॥

અર્થ —ઉપર મુજબ મે યથાશક્તિ ત્રણે ગુપ્તિઓનુ વર્ણન કર્યુ છે એ ત્રણે ગુપ્તિઓ પવિત્ર છે જન્મમરણનો નાશ કરવાવાળી છે છ ખંડોના રાજ્યને આપવાવાળી છે અને મોક્ષસુખને પ્રદાન કરવાવાળા છે (માટે દરેકે ત્રણે ગુપ્ત નુ યથાશક્તિ પાલન કરવુ જોઈએ જે મહામુનિરાજ આ ગુપ્તિઓનુ યથાવિધિ પાલન કરે છે તેમને મારા ભક્તિપૂર્વક નમસ્કાર છે) ॥ ૧૨૭ ॥

एव हि वर्णिता ह्यत आचार्यपरमेष्ठिन ।
षट्त्रिंशद्धि गुणाः पूता ससारक्लेशनाशका ॥१२८॥

અર્થ —એ પ્રમાણે મે શ્રી આચાર્ય પરમેષ્ટીના પવિત્ર અને સસારના સમસ્ત કલેશોને નાશ કરનારા એવા છત્રીસ ગુણોને વર્ણન કર્યુ છે ॥ ૧૨૮ ॥

ઉપાધ્યાય પરમેષ્ઠીના ગુણ

उपा यायस्य वर्ण्यन्ते पूता. स्वर्मोक्षदा गुणा ।
पचविंशतिसख्याका वाछितार्थप्रदायिन. ॥ १२९ ॥

અર્થ —હવે ઉપાધ્યાય પરમેષ્ઠીના પચ્ચીસ ગુણોને કહેવામા આવે છે એ પચ્ચીસ ગુણો પવિત્ર છે અને સ્વર્ગ મોક્ષને આપવાવાળા છે, અને ઇચ્છા અનુસાર ફળ પણ આપવાવાળા છે ॥ ૧૨૯ ॥

आचारांग पठोभित्य मुनिश्रावकगोचरम् ।
पाठयश्च परान् भव्यान् नौमि त स्वरसे रतम् ॥१३०॥

અર્થ —જે ઉપાધ્યાય પરમેષ્ઠી મુનિ અને શ્રાવકની સમસ્ત ક્રિયાઓને કહેવાવાળા આચારાગ નામે પ્રથમ અગને નિત્ય ભણે છે અને ભવ્યજીવોને ભણાવે છે તથા જે સદા પોતાના આત્મરસમા લીન રહે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીનો આચારાગમા પારગત થવુ એ પ્રથમ મૂલગુણ છે

ભાવાર્થ—જૈનાગમમા કહ્યા મુજબ શ્રાવક અને મુનિરાજ ક્રિયાઓ પાળવા બધાઓના છે તે બધી શ્રાવકો અને મુનિરાજોને પાળવાની ક્રિયાઓનો આ આચારાગ નામે અગમા સમાવેશ થઈ જાય છે અને તેને ઉપાધ્યાયે પરમેષ્ઠી બરાબર જાણી લે છે અને પોતે ચારિત્રમા મૂકી તેનુ યથાસ્થિતિ પાલન કરે છે અને શ્રાવકોને ઉપદેશ આપી શ્રાવકોની ક્રિયાઓ પળાવવા પ્રયત્ન કરે છે એવા શ્રી ઉપાધ્યાયપરમેષ્ઠી વર્નીય છે ॥ ૧૩૦ ॥

पठन्सूत्रकृतांग या दीक्षाछेदादिबोधकम् ।
अन्यांश्च पाठयन् दक्ष स्वकार्ये नौमि त सदा ॥१३१॥

અર્થ —જે ઉપાધ્યાય પરમેષ્ઠી દીક્ષા છેદ વિગેરેને પ્રગટ કરવાવાળા એવા સૂત્રકૃતાગ નામે બીજા અગને સ્વય ભણે છે અને બીજા ભવ્યજીવોને ભણાવે છે અને પોતાના આત્મકાર્યમા સદા તત્પર રહે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ સૂત્રકૃતાગ નામે બીજુ અગ છે અને તેમા પારગત થવુ તે ઉપાધ્યાય પરમેષ્ઠીનો બીજો ગુણ છે ॥ ૧૩૧ ॥

स्थानांग पाठयन्भव्यान् वस्तुभावादिबोधकम् ।
पठश्च स्वगृह गन्तु यतश्चे स्तौमि त मुदा ॥ १३२ ॥

અર્થ —જે ઉપાધ્યાય વસ્તુસ્વભાવ અથવા પદાર્થોના સ્વભાવને મન્દ કરવાવાળા સ્થાનાંગ નામે અંગને સ્વય ભણે છે તથા અન્ય ભવ્યજીવોને ભણાવે છે તથા જે મોક્ષરૂપી પોતાના ગૃહમા જવા માટે સદા પ્રયત્ન કરતા રહે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને ઘણી નમ્રતા સાથે હુ નમસ્કાર કરુ આ સ્થાનાગ નામે ત્રીજુ અંગ છે અને તેમા પારગત થવુ તે ઉપાધ્યાય પરમેષ્ઠીના ત્રીજો ગુણ છે ॥ १३२ ॥

पाठयन्समवायांग पठन् जीवादिबोधकम् ।
परान् स्थाने निजे स्थातु यतते यो हि नौमि तम् ॥१३३

અર્થ —જે ઉપાધ્યાય જીવ અજીવ વિગેરે પદાર્થોના ઉત્પત્તિ સ્થાન વિગેરેને પ્રગટ કરવાવાળા સમવાયાગ નામે અંગને પોતે ભણે છે અને અન્ય જીવોને ભણાવે છે, અને જેઓ પોતાના મોક્ષરૂપી સ્થાનમા રહેવાને માટે હમેશા પ્રયત્ન કરે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ સમવાયાગ નામે ચોથુ અગ છે અને શ્રીઉપાધ્યાય પરમેષ્ઠીનો ચોથો ગુણ સમવાયાગમા પારગત થવાથી પ્રગટે છે ॥ १३३ ॥

व्याख्याप्रज्ञप्तिनामानं यः पठेत् पाठयेत् परान् ।
त स्तवीमि पदार्थस्य भेदाभेदादिसूचकम् ॥ १३४ ॥

અર્થ —જે ઉપાધ્યાય સમસ્ત પદાર્થોના ભેદ અને પ્રભેદોને સૂચિત કરવાવાળા વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામે અગને સ્વય ભણે છે, અને અન્ય મુનિયોને ભણાવે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીની હુ સ્તુતિ કરુ છુ આ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામે પાચમુ અગ છે અને તેમા પારગત થવુ તે ઉપાધ્યાય પરમેષ્ઠીનો પાચમો ગુણ છે ॥ १३४ ॥

અને બીજા મુનિયોને ભણાવે છે અને જે પોતાના આત્મામાં સં
લીન રહે છે, એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હુ નમસ્કાર કરૂ છુ અ
અ ત કૃત દશાંગ નામે આઠમુ અગ છે, અને તેમા પારગત થવુ (
ઉપાધ્યાય પરમેષ્ઠીના આઠમો ગુણ છે ॥ ૧૩૭ ॥

घोरोपसर्गजेतृणां मुनीनां वृत्तबोधकम् ।
अनुत्तरोपपादाग पठ्यते येन पाठ्यते ॥ १३८ ॥

અર્થ—જે મુનિ ઘોર ઉપસર્ગ જીતીને અનુત્તર વિમાનોમ
ઉત્પન્ન થાય છે એનુ વર્ણન અનુત્તરોપપાદ નામના નવમા અગમ
છે જે ઉપાધ્યાય આ નવમા અગને સ્વયં ભણે છે અને અન્ય મુનિ
યોને ભણાવે છે એમને હુ નમસ્કાર કરૂ છુ આ અનુત્તરોપપાદાગ
નામે નવમુ અગ છે અને એને જાણવુ તે ઉપાધ્યાય પરમેષ્ઠીનો
નવમો ગુણ છે ॥ ૧૩૮ ॥

प्रश्नानां सुखदुःखादि सूचकं पाठयन् पठन् ।
प्रश्नव्याकरणांग यस्तस्थ स्वात्मनि नौमि तम् ॥१३९॥

અર્થ—જે ઉપાધ્યાય સુખ, દુખ, જીવન, મરણ, લાભ,
અલાભ આદિ પ્રશ્નોત્તરોને સૂચિત કરવાવાળા પ્રશ્ન વ્યાકરણ નામે
અગને સ્વય ભણે છે, અને બીજા મુનિયોને ભણાવે છે તથા જે
પોતાના શુદ્ધ આત્મામા લીન રહે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હુ
નમસ્કાર કરૂ છુ આ પ્રશ્ન વ્યાકરણાગ નામે દસમુ અગ છે, અને
તેનુ પઠન, પાઠન કરવુ તે શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠીનો દસમો ગુણ
છે ॥ ૧૩૯ ॥

पठन् विपाकसूत्रांग द्रव्यभावादिकर्मणाम् ।
योतकं पाठयन् नित्य निजे तस्थोऽस्ति नौमि तम् ॥१४०

અર્થ —જે ઉપાધ્યાય દ્રવ્યકર્મ, ભાવકર્મ અને તેના ઉદય ઉદીરણા આદિને પ્રકાશિત કરવાવાળા વિપાકસૂત્ર નામે અંગને સ્વય ભણે છે અને અન્ય મુનિઓને ભણાવે છે તથા જે પોતાના આત્મામા સદા તૃપ્ત રહે છે, એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને નમસ્કાર કરૂ છુ આ વિપાકસૂત્ર નામે અગીઆરમુ અંગ છે અને તેનુ પઠન પાઠન કરવુ તે ઉપાધ્યાય પરમેષ્ઠીના અગીયારમો ગુણ છે ॥ ૧૪૦ ॥

एवमेकादशांगं यो स्वस्वभावादिबोधकम् ।
ध्याध्यादिनाशकं धत्ते सुखशान्तिप्रदायकम् ॥ १४१ ॥

અર્થ —જે અગીઆર અંગ પોતાના આત્માના સ્વભાવને પ્રતિબોધિત કરવાવાળા છે આધિવ્યાધિઓના નાશ કરવાવાળા છે, અને સુખ અને શાન્તિ આપવાવાળા છે શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠી એ સર્વ અગીઆર અંગોને ધારણ કરે છે સ્વય ભણે છે અને અન્યજીવોને ભણાવે છે (તેવા શ્રી ઉપાધ્યાયોને મારા વારંવાર પ્રણામ છે)॥ ૧૪૧

वर्ण्यन्तेऽथ सुभव्याना स्वधर्मादिप्रबोधका ।
चतुर्दश सुपूर्वा हि याथात्म्यसुखदायका ॥ १४२ ॥

અથ —હવે અહીંથી આગળ શ્રેષ્ઠ, ભવ્યજીવોને આત્મસ્વરૂપ બતાવવાવાળા અને યથાર્થ સુખ આપવાવાળા એવા ચૌદ પૂર્વનુ વર્ણન કહેવામા આવે છે ॥ ૧૪૨ ॥

पठन्नुत्पादपूर्वं यो ध्रौव्यात्ययादिसूचकम् ।
पाठयन् हि पराश्चित्य तृप्त स्वात्मनि नौमि तम् ॥१४३

અર્થ —જે ઉપાધ્યાય પરમેષ્ઠી દ્રવ્ય વિગેરે પદાર્થોના ઉત્પાદ વ્યય ધ્રૌવ્ય વિગેરે સમસ્તધર્મોને પ્રગટ કરવાવાળા ઉત્પાદપૂર્વ નામના

પ્રથમ પૂર્વને સ્વય ભણે છે, અને બીજા મુનિયોને સદા ભણાવે છે તથા જે પોતાના આત્મામા સદા સતુષ્ટ રહે છે એવા ઉપાધ્યાય પરમે ષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ ઉત્પાદપર્વ નામે પહેલો પૂર્વ છે અને તેનુ પઠન પાઠન કરવુ તે ઉપાધ્યાય પરમેષ્ઠીના બારમો ગુણ છે ॥

सदा योऽग्रायणीपूर्वं प्रमाणनयवाचकम् ।
पठश्च पाठयन् वेत्ति स्वात्मानं नौमि तं मुदा ॥ १४४ ॥

અર્થ —જે ઉપાધ્યાય નય અને પ્રમાણોનુ સ્વરૂપ બતાવવા વાળા અગ્રાયણી પૂર્વને સ્વય ભણે છે અને બીજા મુનિયોને ભણાવે છે તથા જે પોતાના આત્માના સ્વરૂપને સારી રીતે જાણે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હુ ઘણી પ્રસન્નતાથી નમસ્કાર કરુ છુ આ અગ્રાયણી પૂર્વ નામે બીજો પૂર્વ છે, તેનુ પઠન પાઠન કરવુ તે ઉપાધ્યાય પરમેષ્ઠીનો તેરમો ગુણ છે ॥ १४४ ॥

वीर्यानुवादपूर्वं यो तीर्थकृद्वीर्यसूचकम् ।
पठश्च पाठयश्चान्यान् नौमि तं स्वरसे रतम् ॥ १४५ ॥

અર્થ —જે ઉપાધ્યાય તીર્થકરના બલ અને શક્તિને સૂચિત કરનાર વિર્યાનુવાદ પૂર્વને સ્વય ભણે છે, અને બીજા મુનિયોને ભણાવે છે અને પોતાના આત્મરસમા સદા લીન રહે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ વીર્યાનુવાદ નામે ત્રીજો પૂર્વ છે અને તેનુ પઠનપાઠન કરવુ તે ઉપાધ્યાય પરમેષ્ઠીના ચૌદમો ગુણ છે ॥ १४५ ॥

योऽस्तिनास्तिप्रवादं हि जीवाजीवादिगोचरम् ।
पठश्च पाठयश्चान्यान् दक्षस्स्वात्मनि नौमि तम् ॥१४६॥

અર્થ —જે ઉપાધ્યાય જીવ, અજીવ વિગેરે સમસ્ત પદાર્થોના અસ્તિત્વ, નાસ્તિત્વ વગેરે ધર્મોને સૂચિત કરવાવાળા અસ્તિનાસ્તિ

પ્રવાદ નામના પૂર્વને સ્વયં ભણે છે, અને અન્ય મુનિયોને ભણાવે છે ને પોતાના આત્માનું સ્વરૂપ જાણવામા ચતુર છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હું નમસ્કાર કરું છું આ અસ્તિનાસ્તિપ્રવાદ નામે ચોથો પૂર્વ છે અને તેનું પઠન પાઠન કરવું તે ઉપાધ્યાય પરમેષ્ઠીના ચઉદમો ગુણ છે ॥ ૧૪૬ ॥

पठन् ज्ञानप्रवादं हि ज्ञानाज्ञानादिबोधकम् ।
परान् हि पाठयन्नित्यं निजे तृप्तोऽस्ति नौमि तम् ॥१४७

અર્થ — જે ઉપાધ્યાય જ્ઞાન અથવા અજ્ઞાનના સ્વરૂપને બતાવવાવાળા જ્ઞાનપ્રવાદ નામે પૂર્વને સ્વયં ભણે છે અને બીજા મુનિયોને સદા ભણાવતા રહે છે, અને જે પોતાના આત્મામા તૃપ્ત રહે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હું નમસ્કાર કરું છું આ જ્ઞાનપ્રવાદ નામે પાચમો પૂર્વ છે અને તેનું પઠન પાઠન કરવું તે ઉપાધ્યાય પરમેષ્ઠીના સોળમો ઉત્તમ ગુણ છે ॥ ૧૪૭ ॥

सत्यप्रवादं यो योगी दशधोक्त्यादिबोधकम् ।
पठश्च पाठयन् तुष्टः स्वरसे नौमि तं सदा ॥ १४८ ॥

અર્થ — જે ઉપાધ્યાય ઉક્તિ વિગેરે દશ પ્રકારના વચનોને બતાવવાવાળા સત્યપ્રવાદ પૂર્વને સ્વયં ભણે છે અને બીજા મુનિયોને ભણાવે છે, તથા જે પોતાના આત્મરસમાં સદા સંતુષ્ટ રહે છે એવા શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠીને મન હું નમસ્કાર કરું છું આ સત્યપ્રવાદ નામે છઠ્ઠો પૂર્વ છે અને શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠીના સત્તરમો ગુણ છે શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠી તેનું ઉત્તમ રીતે પઠન પાઠન કરે છે ॥ ૧૪૮ ॥

श्रद्धयात्मप्रवादं हि मूर्तामूर्तादिबोधकम् ।
यः पठन् पाठयन् ध्यातुः स्तौमि तं गतले निजे ॥१४९

અર્થ —જે ઉપાધ્યાય મૂર્તિ, અમૂર્તિ વિગેરે ધર્મોના સ્થાપન પ્રતિસ્થાપન કરવાવાળા આ પ્રવાદને સ્વયં ભણે છે અને અન્ય મુનિ ઓને ભણાવે છે, અને જે પોતાના આત્મામાં સ્થિર રહેવાનો સદા પ્રયત્ન કરે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હું નમસ્કાર કરૂં છું આ આત્મપ્રવાદ નામે સાતમો પૂર્વ છે અને તેનુ પઠન પાઠન કરવું તે ઉપાધ્યાય પરમેષ્ઠીનો અઢારમો ગુણ છે ॥ ૧૪૯ ॥

कर्मबंधोदयादीनां धारकं पाठयन् पठन् ।
कर्मप्रवादं सकलं स्वात्मन्यात्मनि नौमि तम् ॥१५०॥

અર્થ —જે ઉપાધ્યાય કર્મોના બંધ અથવા કર્મોના ઉદય વિગેરેને બતાવવાવાળા સમસ્ત કર્મ પ્રવાદને સ્વયં ભણે છે અને અન્ય મુનિયોને ભણાવે છે, અને જે પોતાના આત્માનુ સ્વરૂપ જાણવામાં ચતુર છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હું નમસ્કાર કરૂં છું આ કર્મ પ્રવાદ નામે આઠમો પૂર્વ છે અને તેનુ પઠન પાઠન કરવું તે ઓગણીસમો ગુણ છે ॥ ૧૫૦ ॥

प्रत्याख्यानप्रवादं यो व्रतसंख्यानबोधकम् ।
पठन्त पाठयल्लीनं स्वपदे नौमि तं सदा ॥ १५१ ॥

અર્થ —જે ઉપાધ્યાય વ્રતોની સંખ્યા અથવા વિધિ વિગેરેને પ્રગટ કરવાવાળા પ્રત્યાખ્યાનપ્રવાદને સ્વયં ભણે છે તથા અન્ય મુનિ યોને ભણાવે છે, અને જે પોતાના શુદ્ધ આત્મામાં સદા લીન રહે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીની હું સદા સ્તુતિ કરૂં છું આ પ્રત્યાખ્યાન પ્રવાદ નામે નવમો પૂર્વ છે અને તેનુ પઠન પાઠન કરવું તે ઉપાધ્યાય પરમેષ્ઠીનો વીસમો ગુણ છે ॥ ૧૫૧ ॥

पठन् लघुमहाविद्याबोधकं पाठयन् परान् ।
नित्यं विद्यानुवादं यो स्वात्मानं वेत्ति नौमि तम् ॥१५२

અર્થ — જે ઉપાધ્યાય લઘુવિદ્યા અને મહાવિદ્યા બતાવવાવાળા વિદ્યાનુવાદ નામના પૂર્વને સ્વય ભણે છે અને અન્ય મુનિયોને ભણાવે છે, અને જે આત્માના સ્વરૂપને બરાબર રીતે જાણે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ વિદ્યાનુવાદ નામે દસમો પૂર્વ છે અને તેનુ પઠન પાઠન કરવુ તે શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠીનો એ વીસમો ગુણ છે ॥ ૧૫૨ ॥

योऽन्यान् कल्याणवाद वै अर्हद्गर्भादिबोधकम् ।
पठन् वा पाठयन् भावे शुद्धे लीनोऽस्ति नौमि तम् ॥१५३॥

અર્થ — જે ઉપાધ્યાય ભગવાન અરહત દેવના ગર્ભ, જન્મ, તપ, કેવલ અને મોક્ષ આ પાચે કલ્યાણકોનો બોધ કરાવનારા કલ્યાણ વાદને સ્વય ભણે છે, અને અન્ય મુનિયોને ભણાવે છે જે પોતાના શુદ્ધ ભાવોમા સદા લીન રહે છે તેવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ કલ્યાણવાદ નામે અગીઆરમો પૂર્વ છે અને તેનુ પઠન પાઠન કરવુ તે ઉપાધ્યાય પરમેષ્ઠીનો બાવીસમો ગુણ છે ॥ ૧૫૩ ॥

प्राणावाय पठन् योऽन्यान् मन्त्रवादादिगोचरम् ।
पाठयन्छ्रभते नित्य स्वस्वाद नौमि त सदा ॥१५४॥

અર્થ — જે ઉપાધ્યાય મત્રવાદ વિગેરેનો બોધ આપનાર પ્રાણાવાય નામના પૂર્વને સ્વય ભણે છે અને અન્ય મુનિયોને ભણાવે છે અને જે પોતાના આત્માના સ્વાદને સદા પ્રાપ્ત કરે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીની હુ સ્તુતિ કરુ છુ આ પ્રાણાવાય નામે બારમો પૂર્વ છે અને ઉપાધ્યાય પરમેષ્ઠીનો તેનુ પઠન પાઠન કરવુ એ તેવીસમો ગુણ છે ॥ ૧૫૪ ॥

पठन् क्रियाविशालं यः क्रियाछन्द प्रबोधकम् ।
पाठयश्च सदा ध्यानं हि निजे तुष्टोऽस्ति नौमि तम् ॥१५५॥

અર્થ —જે ઉપાધ્યાય કલા છંદ વગેરે ક્રિયાઓને બતાવવાવાળા ક્રિયાવિશાલ નામે પૂર્વને સ્વયં ભણે છે અને અન્ય મુનિયોને ભણાવે છે અને જે પોતાના આત્મામાં સંતુષ્ટ રહે છે એવા શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠીને હું સદા નમસ્કાર કરું છું આ ક્રિયાવિશાલ નામે તેરમો પૂર્વ છે અને તેનું પઠન પાઠન કરવું તે ઉપાધ્યાય પરમેષ્ઠીનો ચોવીસમો ગુણ છે ॥ ૧૫૫ ॥

यो लोकबिन्दुसारं हि मोक्षसौख्यादिसूचकम् ।
पठन् वा पाठयन्नित्यं लीनं स्वात्मनि नौमि तम् ॥१५६

અર્થ —જે ઉપાધ્યાય મોક્ષસુખના સ્વરૂપને કહેવાવાળા લોકબિંદુસાર પૂર્વને સ્વયં ભણે છે અને અન્ય મુનિયોને ભણાવે છે, અને જે પોતાના આત્મામાં સદા લીન રહે છે એવા ઉપાધ્યાય પરમેષ્ઠીને હું નમસ્કાર કરું છું આ લોકબિંદુસાર નામે ચૌદમો પૂર્વ છે અને શ્રી ઉપાધ્યાય પરમેષ્ઠીનો પચ્ચીસમો ઉત્તમ ગુણ છે ॥ ૧૫૬ ॥

चतुर्दशसुपूर्वाणि गदितानीति भक्तितः ।
यथा स्वर्गमोक्षमूलानि संसारध्वंसकानि हि ॥ २५७ ॥

અર્થ —એ પ્રમાણે મેં ભક્તિપૂર્વક ચૌદ પૂર્વોનું સ્વરૂપ કહ્યું આ ચૌદ પૂર્વો સ્વર્ગ મોક્ષને આપવાવાળા છે, અને જન્મ મરણ રૂપ સંસારનો નાશ કરવાવાળા છે ॥ ૧૫૭ ॥

एवं समुदिताः सर्वे पञ्चविंशतिसंख्यकाः ।
उपाध्यायगुरोरुक्ता ईदृशा दुःखहरा गुणाः ॥१५८॥

અર્થ —આ પ્રમાણે અગીયાર અંગ અને ચૌદ પૂર્વ મળીને એ શ્રી ઉપાધ્યાય પરમેષ્ટીના સર્વ પચ્ચીસ ગુણો બતાવ્યો છે આ સવ ગુણો મનોહર છે અને દુઃખોનો નાશ કરવાવાળા છે ॥ १५८ ॥

સાધુ પરમેષ્ટીના ગુણ

स्वर्मोक्षदा गुणा नूनमष्टाविंशतिसंख्यका ।
सार्वाद्धे ग्वहरा हृद्या वर्ण्यन्ते हि सुखप्रदा ॥१५९॥

અર્થ —હવે સાધુઓના અઠ્ઠાવીસ મુલગુણ બતાવવામા આવે છે એ સવ ગુણો મોક્ષસુખ આપનારા છે દુઃખોનો નાશ કરવાવાળા છે, અત્યંત મનોહર છે અને સર્વે જીવોને સુખ આપવાવાળા છે॥૧૫૯॥

त्रसस्थावरजीवान् यो जीवस्थानादिषु स्थितान् ।
ज्ञात्वा निजात्मवद्रक्षन् मग्न स्वात्मनि नौमि तम्॥१६०॥

અર્થ —જે સાધુ ચૌદ જીવસ્થાનોમા રહેવાવાળા સર્વે ત્રસ અને સ્થાવર જીવોની પોતાની આત્માસમાન જાણીને સદા રક્ષા કરે છે અને જે પોતાના આત્મામા સદા લીન રહે છે એવા સાધુ પરમેષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ અહિંસા નામે પ્રથમ મહાવ્રત છે અને સાધુ પરમેષ્ઠીનો પ્રથમ ગુણ છે

ભાવાર્થ —સર્વે પ્રમાણના જીવો અનંતાનંત છે તેમની ચાર પ્રકારે હિંસા થાય છે દુઃખ દેવું, ગીભાવવુ તે પણ હિંસા છે હિંસા મત લબ કે અનેક રીતે જીવો કરે છે પણ મહામુનિરાજ અહિંસા મહાવ્રતને પાળે છે, તેથી તેઓ પોતે પોતાના આત્મા જેવા જ અન્ય જીવોના આત્માને ગણી લે છે અને અન્ય જીવોની પણ રક્ષા કરે છે આમ અહિંસા મહાવ્રત પાળે છે અને મોક્ષસુખ મેળવવા પ્રયત્ન કરે છે ॥ १६० ॥

वचोऽप्रियानृतं त्यक्त्वा क्रूरवैरादिवर्द्धकम् ।
हितं मितं प्रियं सत्यं ब्रुवन् स्वं वेत्ति नौमि तम्॥१६१॥

અર્થ—જે સાધુ ક્લેશ, વૈર વિગેરેને વધારનારા અપ્રિય અને અસત્ય વચનોનો સર્વથા ત્યાગ કરે છે, અને સર્વનું હિત કરનારા પરિમિત, પ્રિય અને સત્ય વચનો હમેશા કહે છે, અને જે આત્મસ્વરૂપને સ્વયં સારી રીતે જાણે છે એવા સાધુ પરમેષ્ટીને હું નમસ્કાર કરું છું આ સત્યમહાવ્રત નામે બીજું મહાવ્રત છે અને સાધુ પરમેષ્ટીને બીજો ગુણ છે ॥ १६१ ॥

विस्मृतं पतितं द्रव्यं पुरग्रामवनादिषु ।
त्यक्त्वाऽदत्तं स्ववाह्यं यस्तृप्तः स्वात्मनि नौमि तम् ॥१६२॥

અર્થ—જે સાધુ કોઇ નગર, ગામ, વન વિગેરે કોઇપણ જગાએ કોઈની ભૂલથી પડી ગઈ હોય, ભૂલી ગયુ હોય, અથવા એવુ દ્રવ્ય હોય તેનો સર્વથા ત્યાગ કરી દે છે અને પોતાના આત્માથી જેટલા બાહ્ય પદાર્થ છે તેમને આપ્યા સિવાય ગ્રહણ ન કરે એટલે કે ચોરી પાપનો સર્વથા ત્યાગ કરી હમેશા પોતાના શુદ્ધ આત્મામા તૃપ્ત રહે છે એવા શ્રી સાધુપરમેષ્ટીને હું નમસ્કાર કરૂ છુ આ અચૌર્ય મહાવ્રત ત્રીજું મહાવ્રત છે અને સાધુ પરમેષ્ટીનો ત્રીજો ગુણ છે॥१६२॥

स्त्रीमात्रं मोक्षदं नोयैस्त्यक्त्वा सत्त्वं निजं स्मरन् ।
स्वात्मनैव सदा तुष्टो नौमि तं स्वात्मसाधकम् ॥१६३॥

અર્થ—જે સાધુ મોક્ષ પ્રાપ્ત કરવાને માટે સ્ત્રી માત્રનો ત્યાગ કરી દે છે પોતાના આત્મતત્વનું હમેશા સ્મરણ કરતા રહે છે પોતાના આત્માની શુદ્ધતાને જ હમેશા સિદ્ધ કરે છે, અને જે પોતાના આત્મામા

सदा सतुष्ट रहे छे એવા સાધુપરમેષ્ઠીને સદા હુ નમસ્કાર કરૂ છુ આ અપરિગ્રહ नामे ચોથુ મહાવ્રત છે અને સાધુ પરમેષ્ઠીનો ચોથો ઉત્તમ ગુણ છે ॥ १६३ ॥

यस्त्यक्त्वाऽन्तर्बहि सग परवस्तुनि निर्मम ।
हृष्ट स्वात्मनि वद स निजात्मरसिक मुनिम् ॥ १६४ ॥

અર્થ —જે સાધુ પરપદાર્થોના મમત્વનો સર્વથા ત્યાગ કરીને અતરગ અને બહિરગ સર્વે પ્રકારના પરિગ્રહોનો સર્વથા ત્યાગ કરી દે છે, અને પોતાના આત્મામા સદા સતુષ્ટ રહે છે એવા સાધુ પરમેષ્ઠીને હુ નમસ્કાર કરૂ છુ આ પરિગ્રહત્યાગ નામે પાચમુ મહાવ્રત છે અને સાધુ પરમેષ્ઠીનો પાચમો ગુણ છે ॥ १६४ ॥

महाव्रतानां पचाना स्वरूप कथित मुने ।
दुःखहर्तु क्षमासिन्धोर्भवक्लेशविनाशिन ॥१६५॥

અર્થ —જે મુનિ સમસ્ત દુ ખોનુ હરણ કરનારા છે, દુ ખોનો નાશ કરનારા છે, ક્ષમાના સાગર છે, સસારના સમસ્ત ક્લેશોને દૂર કરનારા છે, એવા શ્રી મુનિરાજના પાચ ઉત્તમ મહાવ્રતોનુ સ્વરૂપ મે ઉપર મુજબ વર્ણવ્યુ છે ॥ १६५ ॥

वर्ण्यन्ते समिति पचभेदाः सुखकरा सदा ।
स्वर्मोक्षदायका॰ पापरोधका क्लेशनाशका ॥१६६॥

અર્થ —આગળ હવે સાધુઓની પાચ સમિતિઓનુ વર્ણન કરવાના આવે છે આ પાચે સમિતિઓ સુખ આપવાવાળી છે સ્વર્ગ મોક્ષ આપનારી છે પાપોના રોકવાવાળી છે, અને ક્લેશોને નાશ કરવાવાળી છે ॥ १६६ ॥

चतुर्हस्तप्रमाण या मार्ग पश्यन् दिन सदा ।
ईर्यासमित्या धर्मार्थं यत्नाद्गच्छति नौमि तम् ॥ १६७ ॥

અર્થ —જે સાધુ પરમેષ્ઠી ઈર્યાસમિતિથી દિવસે ચાર હાથ ભૂમિ આગળ જોતા જોતા ધર્મકાર્યને માટે ફક્ત પ્રયત્નપૂર્વક ગમન કરે છે એવા સાધુપરમેષ્ઠીને હું નમસ્કાર કરું છું. આ ચાર હાથ આગળ ભૂમિને જોતા જોતા શુદ્ધિ ભૂમિ ઉપર ગમન કરવું તે પ્રથમ ઈર્યા સમિતિ છે અને સાધુ પરમેષ્ઠીનો છઠ્ઠો ગુણ છે ॥ ૧૬૭ ॥

परनिंदादियुक्तां या भाषां दशविधां त्यजन् ।
वाचं या हितदां मिष्टां वदन् स्वं वेत्ति नौमि तम् ॥१६८॥

અર્થ —જે સાધુ બીજાની નિંદારૂપ વચન અથવા કઠોર વચન આદિ દશ પ્રકારની નિંદા કરવા યોગ્ય ભાષાનો બોલવા માટે સર્વસ્વ ત્યાગ કરી દે છે અને પોતાના આત્મા તથા અન્ય જીવોને હિત કરવાવાળી તથા સર્વને પ્રિય લાગે તેવી મીઠી મધુરી ભાષા બોલે છે અને પોતાના આત્માના સ્વરૂપને સારી રીતે જાણે છે એવા સાધુ પરમેષ્ઠીને હું નમસ્કાર કરું છું આ ભાષા નામે બીજી સમિતિ છે અને સાધુ પરમેષ્ઠીનો સાતમો ગુણ છે ॥ ૧૬૮ ॥

दोषान्तरायनिर्मुक्तं श्रावकैः शुद्धमर्पितम् ।
अन्नं क्षमन् सदा लीनो निजात्मनि नमामि तम्॥१६९॥

અર્થ — જે સાધુ છેતાલીસ દોષ અને બત્રીસ અંતરાય આદિથી રહિત, અને શ્રાવકોએ જેને આપેલ શુદ્ધ આહારને ગ્રહણ કરે છે અને પોતાના શુદ્ધ આત્મામાં સદા લીન રહે છે એવા સાધુ પરમેષ્ઠીને હું નમસ્કાર કરું છું આ એષણા સમિતિ નામે ત્રીજી સમિતિ છે અને સાધુ પરમેષ્ઠીનો આઠમો ગુણ છે જે ગુણથી મુનિમહારાજ આત્મકો પાલણ કરે છે॥૧૬૯॥

ज्ञानसंयमपात्राणि यो गृह्णाति विसर्जति ।
प्रवर्तते सदा सम्यक् समित्या नौमि तं मुदा ॥१७०॥

અર્થ —જે સાધુ પરમેષ્ઠી જ્ઞાન અને સંયમના પાત્રોને (શાસ્ત્ર, પીંછી, કમંડલુ વિગેરે) સમિતિપૂર્વક એટલે કે જોઇ જાળવીને ગ્રહણ કરે છે જ્યાં ત્યાં બહુજ સાવધાળપૂર્વક મૂકે છે અને લે છે તથા પોતાની પ્રવૃત્તિ પણ સમિતિપૂર્વક હમેશાં રાખે છે, એવા સાધુપરમેષ્ઠીને હું પ્રસન્નચિત્તથી નમસ્કાર કરું છું આ આદાનનિક્ષેપણ નામે ચોથી સમિતિ છે અને સાધુ પરમેષ્ઠીનો નવમો ગુણ છે ॥ ૧૭૦ ॥

स्थानेऽचित्ते विशाले हि मलमूत्रविसर्जनम् ।
कुर्वन् यो भवनाशं च स्वपदे नौमि तं स्थिरम् ॥१७१॥

અર્થ — જે સાધુ જીવજંતુરહિત વિશાલસ્થાનોમાં જોઇને અને બરાબર સંશોધન કરીને મલમૂત્ર કરે છે અને પોતાના જન્મ મરણ રૂપ સંસારનો નાશ કરે છે અને પોતાના શુદ્ધ આત્મામાં સદા સ્થિર રહે છે એવા સાધુ પરમેષ્ઠીને હું નમસ્કાર કરું છું આ ઉત્સર્ગ સમિતિ નામે પાંચમી સમિતિ છે અને શ્રી સાધુપરમેષ્ઠીનો દશમો ગુણ છે જેથી વિનશ્વર અને કલ્યાણમૂર્તિ મુનિમહારાજ મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત કરે છે ॥ ૧૭૧ ॥

स्वर्गमोक्षप्रदायक्यस्यैनि संसारक्षयकारिकाः ।
प्रोक्ताः समितयः पंच साधोः सर्वहितकराः ॥१७२॥

અર્થ —જે સાધુ પરમેષ્ઠી સ્વર્ગમોક્ષને આપવાવાળા છે એમની પાંચે સમિતિઓનુ ઉપરમુજબ વર્ણન કર્યું છે આ પાંચે સમિતિયો સંસારનો નાશ કરનારા છે અને સર્વ જીવોનું હિત કરનારી છે ॥૧૭૨॥

स्वात्मतत्त्वविदं साधो पापहर्तुः कृपानिधे ।
पंचेन्द्रियनिरोधा हि गुणा सवर्ण्यतेऽधुना ॥ १७३ ॥

અર્થ —જે સાધુ પોતાના આત્મતત્વને જાણવાવાળા અને પાપોનો નાશ કરનારા છે અને કૃપાના સાગર છે, એવા સાધુઓના પંચ ઇન્દ્રિયનિરોધ કરવાથી ઉત્પન્ન થયેલા ગુણોનું હવે વર્ણન કરવામ આવે છે જે પ્રમજ ચિત્તે હ્રદયમાં ઉતારે ॥ ૧૭૩ ॥

शीतोष्णकर्कशादिभ्यो वस्तुभ्यो यो न रुष्यति ।
शीताष्णादिवहिर्भूते स्थिरं स्वात्मनि नौमि तम् ॥१७४॥

અર્થ —જે સાધુ શીત, ઉષ્ણ, કઠોર વગેરે આ દિ ઉત્પન્ન કરવાવાળા પદાર્થોથી પણ કદી રૂષ્ટ થતા નથી અને શીત, ઉષ્ણ, કઠોર વગેરેથી સર્વથા ભિન્ન એવા પોતાના આત્મામાં સદા સ્થિર રહે છે એવા સાધુ પરમેષ્ટીને હું નમસ્કાર કરૂં છું આ સ્પર્શેન્દ્રિયનો નિરોધ કરવો તે પ્રથમ ઇન્દ્રિયનિરોધ છે, અને સાધુ પરમેષ્ટીનો અગીઆરમો ગુણ છે ॥ ૧૭૪ ॥

दधिदुग्धघृतादिभ्यो विरक्तः सत्सुखप्रदः ।
स्वरसे य स्थिरे तृप्त सदा त स्तौमि शमदं ॥ १७५ ॥

અર્થ — જે સાધુ જીહ્વા ઇન્દ્રિયના સુખ આપવાવાળા દહીં, દૂધ, ઘી, મિષ્ટાન્ન વિગેરે પદાર્થોથી સદા વિરક્ત રહે છે, અને સ્થિરભૂત પોતાના આત્મરસમા જ તૃપ્ત રહે છે તથા જે જીવોની સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરવાવાળા છે એવા સાધુ પરમેષ્ટીની હું સદા સ્તુતિ કરૂં છું આ રસના ઇન્દ્રિયનો નિરોધ કરવો તે બીજો ઇન્દ્રિયનો નિરોધ છે, અને શ્રી સાધુ પરમેષ્ટીનો બારમો ગુણ છે ॥ ૧૭૫ ॥

શ્રોત્ર ઇંદ્રિયનો નિરોધ કરવો તે પાચમી ઇન્દ્રિયનો નિરોધ છે, અને શ્રી સાધુ પરમેષ્ઠીનો પદરમો ગુણ છે ॥ ૧૭૮ ॥

साधो स्वर्गापवर्गदातुर्द मुक्तिभर्त्तु क्षमानिधे ।
अक्षरोधगुणा पच प्रोक्ता मदधिया मया ॥१७९॥

અર્થ —જે સાધુ સ્વર્ગ અને મોક્ષ આપવાવાળા છે મુક્તિરૂપી સ્ત્રીના સ્વામી છે અને જે ક્ષમાના સાગર છે, એવા સાધુ મહારાજના પાચ ઇંદ્રિયોના નિરોધ કરવારૂપ પાચ ગુણોનુ મદબુદ્ધિવાળા મેં તેનુ યથાશક્તિ વર્ણન કર્યું છે ॥ ૧૭૯ ॥

क्लेशहर्तुर्दयामूर्त शांतिदातु क्षमानिधे ।
षडावश्यका हि वर्ण्यन्ते गुणा साधो दुखहरा ॥१८०॥

અર્થ —જે સાધુ સમસ્ત ક્લેશોને દૂર કરનાર છે જે યાની મૂર્તિ છે અને સમસ્ત જીવોને શાન્તિ આપવાવાળા છે, અને જે ક્ષમાની નિધિ છે એવા સાધુના સમસ્ત જીવોનુ હિત કરનારા છ આવશ્યકોનુ હવે પછી વર્ણન કરવામા આવે છે ॥ ૧૮૦ ॥

आत्मबाह्ये पदार्थे या नित्येऽनित्ये प्रियेऽप्रिये ।
साम्य दृष्वा स्थिता ह्यासीचिदानद हि नौमि तम् ॥१८१॥

અર્થ —જે સાધુ પોતાના આત્માથી ભિન્ન નિત્ય, અનિત્ય, પ્રિય, અપ્રિય વિગેરે સમસ્ત પદાર્થોમા સમતા રાખીને ચિદાનદમય પોતાના આત્મામા સદા સ્થિત રહે છે એવા સાધુને હુ નમસ્કાર કરૂ છુ આ સમતા નામે પહેલુ આવશ્યક છે અને સાધુ પરમેષ્ઠીનો સોળમો ગુણ છે ॥ ૧૮૧ ॥

अर्हत्सिद्धादिपूज्यानां त्रिकाले भक्तिवदनाम् ।
कुर्वन् यो निजराज्येऽभूत् स्थिरस्त नौमि मोक्षदम् ॥१८२॥

અર્થ —જે સાધુ ભગવાન અર્હત દેવ અથવા સિદ્ધ પરમેષ્ઠી વિગેરે પૂજ્ય પુરુષોની પ્રાતઃકાલ, મધ્યાન્હકાલ, અને સાયકાલ ત્રણે વખત ભક્તિ અને વંદના કરતા કરતા પોતાના આત્મસ્વરૂપ શાન્ત્યમા સદા સ્થિર રહે છે અને ભવ્યજીવોને મોક્ષ આપવાવાળા છે એવા સાધુ પરમેષ્ટીને હું નમસ્કાર કરૂં છુ આ વંદના નામે બીજું આવશ્યક છે, અને સાધુ પરમેષ્ટીનો સત્તરમો ગુણ છે ॥ ૧૮૨ ॥

वृषभादिजिनानां यः कुर्वन् गुणस्तवादिकम् ।
मनोवाक्कायशुध्द्या य स्तौमि त तृप्तमात्मनि ॥ १८३ ॥

અર્થ —જે સાધુ પોતાના મન, વચન, અને કાયાની શુદ્ધતાથી ભગવાન વૃષભદેવ વિગેરે તીર્થંકરોના ગુણોની સ્તુતિ કરતા કરતા પોતાના આત્મામાં સદા તૃપ્ત રહે છે એવા સાધુઓની હું સ્તુતિ કરૂં છું આ સ્તુતિ નામે ત્રીજું આવશ્યક છે, અને સાધુ પરમેષ્ટીનો અઢારમો ગુણ છે ॥ ૧૮૩ ॥

द्रव्यक्षेत्रादिभावेषु कृतदोषादिवर्जनम् ।
य प्रतिक्रमणं कुर्वन् स्वे वसेत्‌ स्तौमि तं मुदा ॥१८४॥

અર્થ —જે સાધુ પરમેષ્ટી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ વિગેરે વડે થયેલા અથવા કરેલા દોષોનો સર્વથા ત્યાગ કરીને પ્રતિક્રમણને ધારણ કરે છે અને પોતાના આત્મસ્વરૂપને સારી રીતે જાણે છે એવા સાધુઓની હું પ્રસન્નતા સાથે સ્તુતિ કરૂં છું આ પ્રતિક્રમણ નામે ચોથું આવશ્યક છે અને સાધુ પરમેષ્ટીનો ઓગણીસમો ગુણ છે ॥ ૧૮૪ ॥

सावद्यद्रव्यभावानां प्रत्याख्यानं विधाय यः।
निरवद्येषु भावेषु वर्तते नौमि तं स्थिरम् ॥ १८५ ॥

અર્થ —જે સાધુ પાપસહિત દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ વિગેરે ભાવોનો સર્વથા ત્યાગ કરીને એટલે પ્રત્યાખ્યાન કરીને નિર્દોષ અથવા પાપરહિત દ્રવ્ય, ક્ષેત્ર, કાલ ભાવોમાં સ્થિર રહેવા માટે સદા પ્રયત્ન કરે છે અને પોતાના આત્મામાં સ્થિર રહે છે, એવા સાધુ પરમેષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ પ્રત્યાખ્યાન નામે પાચમુ આવશ્યક છે અને શ્રી સાધુ પરમેષ્ઠીનો વીસમો ગુણ છે ॥ ૧૮૫ ॥

आत्मा चिन्मयमात्रोऽस्ति मम ज्ञात्वेति चिद्धृत ।
तन्वादौ निर्मम मन्यो लीन स्वात्मनि नौमि तम् ॥१८६॥

અર્થ —જે સાધુ પરમેષ્ઠી પોતાના આત્મના ચિન્તોથીજ પોતાના આત્માને ચૈતન્યમાત્ર સમજીને પોતાના શરીરથી મમત્વનો સર્વથા ત્યાગ કરી દે છે અને પોતાના આત્મમા સદા લીન રહે છે એવા સાધુપરમેષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ વ્યુત્સર્ગ નામે છઠ્ઠુ આવશ્યક છે અને શ્રી સાધુપરમેષ્ઠીનો એકવીસમો ગુણ છે ॥ ૧૮૬ ॥

ससारनाशकस्येति स्वर्गमोक्षप्रदायिन ।
क्षमासिंधोर्मुने प्रोक्ता ये षडावश्यका गुणा ॥१८७॥

અર્થ —જે સાધુ જન્મમરણરૂપ સસારનો નાશ કરવાવાળા છે, સ્વર્ગ મોક્ષને આપવાવાળા છે અને ક્ષમાના સાગર છે એવા સાધુના જે છ આવશ્યક ગુણો છે તેનુ મેં ઉપરમુજબ વર્ણન કરેલુ છે॥૧૮૭॥

क्रोधादयोऽथ वर्ण्यन्ते गुणा सप्त महामुने ।
क्षमासिंधोर्हि भव्यानामज्ञानांधविनाशिन ॥१८८॥

અર્થ —જે સાધુ ક્ષમાના સાગર છે જે ભવ્યજીવોના અજ્ઞાન અધકારને દૂર કરવાવાળા છે એવા મહામુનિ સાધુ પરમેષ્ઠીના કેશલોચ વિગેરે સાતે ગુણોનુ વર્ણન કરવામા આવે છે ॥ ૧૮૮ ॥

लाच द्विचतुर्मासैः कुर्वन्नुपवसेन्मुनि ।
विरक्त सन् हि तन्वादौ लीनः स्वात्मनि नौमि तम्॥१८९

અર્થ —જે સાધુ મુનિ પોતાના શરીરથી સદા વિરક્ત થઈ બે મહીને, ત્રણ મહીને અથવા ચાર મહીને પોતાના વાળનો કેશલોચ કરે છે અને તે દિવસ નકી ઉપવાસ કરે ક અને જે પોતાના આત્મામા લીન રહે છે એવા સાધુ પરમેષ્ઠીને હુ નમસ્કાર કરૂ છુ આ કેશલોચ સાધુ પરમેષ્ઠીના બાવીસમો ગુણ છે ॥ ૧૮૮ ॥

बाह्यवस्त्रादिभिर्मुक्त जिनलिंग सुनिर्मलम् ।
स्वर्गोक्षसाधक धृत्वा निजे यो नौमि त स्थिर' ॥ १९० ॥

અથ —જિનલિંગ અથવા નગ્ન અવસ્થા બાહ્ય વસ્ત્રાદિથી રહિત છે અત્યત નિર્મલ છે અને સ્વર્ગ અને મોક્ષસિદ્ધ કરવાવાળી છે એવી કઠિન નગ્નાવસ્થાને ધારણ કરી જે સાધુ સ । પોતાના આત્મામા સ્થિર રહે છે એવા સાધુઓને હુ નમસ્કાર મરૂ છુ આ જિનલિંગ અથવા નગ્ન અવસ્થા ધારણ કરવી તે સાધુ પરમેષ્ઠીના તેવીસમો ગુણ છે ॥ ૧૯૦ ॥

ममात्मा ज्ञानवैराग्यजलनैव हि शुध्यति ।
ज्ञात्वा त्यक्त्वा जलस्नान ज्ञाने यो नौमि त स्थिरम् ॥१९१

અર્થ —આમારો આત્મા જ્ઞાન અને વૈરાગ્યરૂપી જલથીજ શુદ્ધ થઈ કરે છે, બીજા કાઈથી નહિ એમ સમજી સાધુ જલસ્નાનનો હમેશા ત્યાગ કરી દે છે અને પોતાના આત્મજ્ઞાનમા સદા લીન રહે છે એવા સાધુ પરમેષ્ઠીને હુ નમસ્કાર કરૂ છુ આ સ્નાન ત્યાગ નામે સાધુનો ચોવીસમો ગુણ છે ॥ ૧૯૧ ॥

तणकटकभूम्यादी शयन कुरुते हि य ।
कर्म जतु विरक्त सन् जाग्रथात्मनि नौमि तम् ॥१९२॥

અર્થ —જે સાધુ કર્મોને જીતવાને માટે શરીરથી વિરક્ત થઈ સુકુ ઘાસ અગર માટા વિગેરે થી ભરપુર એવી ખરબચડી જમીન ઉપર જ હમેશા શયન કરે છે અને પોતાના આત્મામા સદા જાગ્રત રહે છે એવા સાધુ પરમેષ્ઠીને હુ નમસ્કાર કરૂ છુ આ ભૂમિપર સૂઈ જવુ તે સાધુ પરમેષ્ઠીના પચ્ચીસમો ગુણ છે ॥ ૧૯૨ ॥

दन्तादिघर्षण त्यक्त्वा करांगुल्या हि निस्पृहः ।
स्वात्मानुभवसम्पन्नस्तसो यो नौमि त निजे ॥ १९३ ॥

અથ —જે સાધુ પોતાના શરીરથી સર્વથા નિસ્પૃહ થઈ હાથની આગળીઓથી પણ કદી દાતોને ઘસતા નથી સ। પોતાના આત્માના અનુભવથી સુશોભિત રહે છે પોતાના આત્મામા સ। તૃપ્ત રહે છે એવા શ્રીસાધુ પરમેષ્ઠીને હુ નમસ્કાર કરુ છુ આ દત ધાવનનો ત્યાગ તે શ્રીસાધુપરમેષ્ઠીનો છવ્વીસમો ગુણ છે ॥ ૧૯૩ ॥

शुद्ध स्थानत्रिके कुर्वन् ध्यानार्थे स्थितिभाजनम् ।
स्थित्वा हस्तपुटैर्यो हि लीनः स्वात्मनि नौमि तम् ॥१९४॥

અર્થ —જે સાધુ પોતાનુ ધ્યાન ધારણ કરી શકે તેટલાજ માટે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણે શુદ્ધ વર્ણોમાજ ઉભા ઉભા કરપાત્ર માજ આહાર ગ્રહણ કરે છે અને પોતાના શુદ્ધ આત્મામા સદા લીન રહે છે એવા સાધુ પરમેષ્ઠીને હુ નમસ્કાર કરૂ છુ આ સ્થિતિભોજન અથવા ઉભાઉભા ભોજન આહાર તરીકે લેવુ તે સાધુ પરમેષ્ઠીનો સત્તાવીસમો ઉત્તમ ગુણ છે ॥ ૧૯૪ ॥

कुर्वन् पर्याप्तकाले च पक्ष्मुक्ति विरागवान् ।
सम्यग्ज्ञानादिवृद्ध्यर्थं तम स्वात्मनि नौमि तम् ॥ १९५ ॥

અર્થ —અમાગગીર અને ભોગોથી તત્ક્ષણ વિરક્ત થવાને પ્રયત્ન કરતા સાધુ પોતાના સમ્યગ્જ્ઞાન વિગેરે ગુણોની વૃદ્ધિને માટે શાસ્ત્રોના કહેલા વખતે દિવસમા એક વખતજ આહાર લે છે અને પોતાના શુદ્ધ આત્મામા સદા લીન રહે છે એવા સાધુ પરમે ષ્ઠીને હુ નમસ્કાર કરૂ છુ આ દિવસમા એકવાર ભોજન કરવુ તે સાધુનો અઠવીસમો ગુણ છે ॥ ૧૯૫ ॥

साधोर्मूलगुणा प्रोक्ता अष्टाविंशतिसंख्यका ।
स्वर्मोक्षहेतवा द्यते कषायादिनाशका ॥ १०६ ॥

અર્થ —એ પ્રમાણે યે સાધુ પરમે ષ્ઠીના અઠવીસ મૂલગુણોનુ વર્ણન કર્યુ છે એ સર્વે મૂલગુણો સ્વર્ગ અને મોક્ષનુ કારણ છે અને ક્રોધ, માન, માયા અને લોભ કષાયોને નાશ કરવાવાળા છે ॥૧૯૫॥

—०—

अथ प्रशस्ति. ।

प्रसिद्धे मूलसंघेऽस्मिन् शुद्धे सेनान्वये वरे ।
गच्छ पुष्करगे जातो जिनसेनो महाकविः ॥ १ ॥
देवेंद्रकीर्ति संजातस्तस्य शिष्यान्वये शुभे ।
धर्मस्य नेता तच्छिष्य सूरि श्रीशांतिसागर' ॥ २ ॥

અર્થ —આ પ્રસિદ્ધ મૂલસંઘમા સેનગણ અને પુષ્કર ગચ્છમા પ્રસિદ્ધ આચાર્ય જિનસેન મહાકવિ થઈ ગયા એ આચાર્ય જિનસેનની શિષ્યપરંપરામા મુનિરાજ દેવેન્દ્રકીર્તિ થઈ ગયા. અને તે દેવેંદ્રકીર્તિના શિષ્ય ધર્મના મુખ્ય નેતા એજ શ્રી આચાર્ય શાંતિસાગરજી છે

आसीदय महासूरिर्भोजग्रामनिवासिन ।
भीमगौडस्य सत्याया सुपुत्रः सातगौडक ॥ ३ ॥
मुनिदीक्षां समादाय प्राप्त सूरिपद क्रमात् ।
मम दीक्षागुरु सोऽय जीयादाचद्रतारकम् ॥ ४ ॥

અર્થ —આ આચાર્ય શાંતિસાગરજી મહારાજ ભોજ (બેલગાવ) ગામના રહેવાસી પાટીલ ભીમગૌડના સુપુત્ર છે એમનુ નામ સાતગૌડ હતુ અને એમની માતાનુ નામ સત્યવતી હતુ એ સાતગૌડ મુનિદીક્ષા ગ્રહણ કરી અનુક્રમે આચાર્યપદ પ્રાપ્ત કર્યું છે એજ આચાર્ય શ્રી શાંતિસાગરજી મારા દીક્ષાગુરુ શ્રી છે અને એ મારા દીક્ષાગુરુ શ્રી આચાર્ય શાંતિસાગરજી મહારાજ આ પૃથ્વી ઉપર જ્યા સુધી સૂર્ય, ચ દ્ર, નક્ષત્રગણ, તારા વગેરે રહે ત્યા સુધી સદાકાલ જયવન્ત રહો ॥ ૩ ૪ ॥

मुमुक्षुस्तस्य शिष्योऽहं मुनि श्रीकुन्थुसागरः ।
अन्ये च बहवः शिष्याः सञ्जातास्तस्य योगिनः ॥५॥

અર્થ —મોક્ષની ઈચ્છા રાખવાવાળો હું મુનિ કુંથુસાગરજી એમનીજ આચાર્ય શ્રીશાંતિસાગરજીનો શિષ્ય છું એ આચાર્યને મારા સિવાય બીજા ઘણા શિષ્યો છે ॥ ૫ ॥

श्रीवीरसागरो विद्वान् गुणज्ञो नेमिसागरौ ।
श्रीचन्द्रसागरो योगी दयानुं पायसागरः ॥ ६ ॥
नमिसागरयोगीशो मुमुक्षुरादिसागरः ।
स्मार्तो वक्ता तपस्वी च मुनि सुधर्मसागरः ॥ ७ ॥

અર્થ —વિદ્વાન વીરસાગર અને ગુણોને જાણવાવાળા બંને નેમિસાગર, યોગિરાજ ચંદ્રસાગર, દયાનિધિ પાયસાગર, યોગિરાજ નમિસાગર, મોક્ષની ઇચ્છાવાળા આદિસાગર અને સ્મૃતિ શાસ્ત્રના પરમવક્તા અને તપસ્વી મુનિરાજ સુધર્મસાગર વિગેરે ઘણા તેમના શિષ્યો છે । ૬ ૭ ॥

मध्यभारतदेशस्थचावलीग्रामवासिनः ।
तोतारामस्य मेवाया धर्मपत्न्यां वरनन्दनः ॥ ८ ॥
विद्वाञ्छ्रदनलालोऽपि मुनिर्भूत्वा सुधर्मधीः ।
सुधर्मसागरो जातः सूरिकल्पः प्रपाठकः ॥ ९ ॥
सुधर्मध्यानदीपादिग्रन्थानां मूलकारकः ।
सुधर्मसागरः सोऽयं जीयाद्विद्यागुरुर्मम ॥ १० ॥

અર્થ —મધ્યભારતવિષે ચાવલી ગામના રહેવાસી તોતારામ

અને તેમના શ્રમપત્ની મેવાદેવીથી ઉત્પન્ન થએલા એક નમાત્મા સુપુત્ર હતા. તેમનુ નામ નદનલાલ હતુ તે નદનલાલ વિદ્વાન હતા. અને સદ્બુદ્ધિને ધારણ કરવાવાળા હતા. એજ નદનલાલ મુનિદીક્ષા લઈને સુધર્મ સાગરના નામથી પ્રસિદ્ધ થયા છે જેઓ આચાર્યશ્રી મારફે બધાને ભણાવનારા છ અને મારા વિદ્યાગુરુ છે એવા સુધર્મસાગર મુનિ સદા જયવિત રહો ॥ ૯ ૧૦ ॥

एनापुरस्थसातप्पासरस्वत्यो सुतोत्तम ।
रामचन्द्र मुदीक्षित्वा जातोऽह कुंथुसागर ॥ ११ ॥

અર્થ —એનાપુર (એનગાવ) ના રહેવાસી સાતપ્પા અને સરસ્વતીદેવીના ઉત્તમ પુત્ર રામચન્દ્ર મુનિદીક્ષા લઈને હુ મુનિ કુંથુ સાગર થયો છુ ॥ ૧૧ ॥

उदगीरपुरे श्रेष्ठी गगासानामकोऽभवत् ।
तद्भार्या रुक्मिणी ज्ञेया रामचद्र• सुतस्तयो• ॥ १२ ॥
सूरेराज्ञां समादाय मयैव कुंथुसिंधुना ।
दीक्षित• सोऽपि भव्यात्मा विद्वान् सुमतिसागर• ॥१३॥

અર્થ —ઉદગીર નગરમા એક ગગાસા નામે શેઠ રહે છે તેમની સ્ત્રીનુ નામ રુક્મિણી છે તેમને રામચન્દ્ર નામે એક પુત્ર હતા મે કુંથુસાગર મુનિએ આચાર્ય શાંતિસાગરજીની આજ્ઞા લઈને એ ભવ્ય અને વિદ્વાન રામચન્દ્રને મુનિદીક્ષા આપી છે અને એમનુ નામ સુમતિસાગરજી રાખવામા આવ્યુ છે ॥ ૧૨ ૧૩ ॥

चतुर्विंशतितीर्थेशस्तुति पचगुरुस्तुति ।
चरित्र शांतिसिंधोश्च भावना रचिता मया ॥ १४ ॥

અર્થ —મે અત્યારસુધીમા ચોવીસ તીર્થંકર સ્તુતિ, પચપરમેષ્ટી સ્તુતિ, આચાર્ય શાંતિસાગરજીનુ ચરિત્ર, અને નિજાત્મશુદ્ધિભાવના વિગેરે ગ્રંથોની રચના કરેલી છે ॥ ૧૪ ॥

दीक्षागुरोरेव च शातिसिंधो: ससारहर्तु शिवसौख्यदातु: ।
कृपाप्रसादाद्धि सुधर्मनाम्नो, विद्यागुरोरेव दयार्द्रमूर्ते: ॥१५॥
श्रीकुथुनाम्ना मुनिना स्वबुध्या, स्वजन्ममृत्योश्च विनाशहेतो: ।
यथा परेषा सुखशातिहेतोर्यथार्थधर्मस्य च बोधहेता ॥ १६ ॥
नाम्ना हि बोधामृतसार एव, ग्रथस्तृतीयो रचितश्च भक्त्या।
अज्ञानहर्ता निजबोधकर्ता, भेत्ता ध्रुव क्रोधचतुष्टयस्य ॥ १७ ॥

અર્થ —જન્મમરણરૂપી સસારનો નાશ કરવાવાળા, અને મોક્ષ સુખ આપવાવાળા આચાર્યશ્રી શાંતિસાગરજી મહારાજ મહારા દીક્ષા ગુરુ છે અને દયાનીમૂર્તિ એવા મુનિરાજ સુધર્મસાગરજી મારા વિદ્યા ગુરુ છે એ બંને ગુરુઓની કૃપાના પ્રસાદથી મેં મુનિરાજ કુથુસાગરજીએ પોતાના જન્મમરણનો નાશ કરવા માટે બીજા જીવોને સુખ, શાંતિ પ્રાપ્ત કરી શકવા માટ, યથાર્થ ધર્મના (જિનધર્મના) જ્ઞાનનો પ્રચાર કરવાને માટે 'બોધામૃતસાર' નામે ત્રીજો ગ્રથ મારી બુદ્ધિ અનુસાર બનાવ્યો છે આ ગ્રથ પણ અત્યત મનોજ્ઞ છે અજ્ઞાનનો નાશ કરનાર છે, અને આત્મજ્ઞાનને ઉત્પન્ન કરવાવાળો છે તથા ચાર કષાયો ક્રોધ, માન, માયા, અને લોભનો નાશ કરવાવાળો આ ગ્રથ છે એવા એ ઉત્તમ જ્ઞાનથી ભરપુર ગ્રથની રચના મેં ભક્તિપૂર્વક કરી છે ॥ ૧૫ - ૧૬ - ૧૭ ॥

छन्दोऽलकारशास्त्र वा न च काव्यस्थलादिक ।
नैव नीत्यादिशास्त्र च न्यायव्याकरणादिकम् ॥ १८ ॥

विशेष धर्मशास्त्रं वा नैव जानामि सत्वतः ।
तथापि केवलं भक्त्या लिखितोऽयं मयाऽधुना ॥ १९ ॥

અર્થ —જો કે હું છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, કથા વિગેરેની જાણનો નથી નથી નીતિશાસ્ત્રને જાણતો, કે નથી ન્યાય વ્યાકરણને હું જાણતો તથા ધર્મશાસ્ત્રને પણ સારીરીતે જાણતો નથી તો પણ કેવળ ભક્તિવશ થઈને મેં આ વખતે આ શાસ્ત્ર લખ્યું છે ॥ ૧૮-૧૯ ॥

न कृतं ख्यातिपूजार्थं नाहंकारितया मया ।
केवलं भव्यजीवानां कुमदु.खप्रशान्तये ॥ २० ॥
शाश्वतस्य सुखस्यार्थं स्वादार्थं स्वसुखस्य वा ।
स्वर्मोक्षदायकं ह्यस्तुल्यं स्वपरबोधकम् ॥ २१ ॥
वाञ्छितार्थप्रदं पूतं रोगशोकार्तिनाशकम् ।
परमेष्ठिनां गुणानां वा पचानां परिवर्णनम् ॥ २२ ॥
मनोवाक्कायसंशुध्द्या भक्तिभावबलेन हि ।
विहितं सर्वशान्त्यर्थं मङ्गलार्थं च सर्वदा ॥ २३ ॥

અર્થ —આ મોક્ષમાર્ગપ્રદીપ । પાચ પરમેષ્ઠીઓના ગુણોનું વર્ણન મેં પોતાની પ્રસિદ્ધિ-ખ્યાતિને માટે કર્યું નથી, પોતાનું મોટાપણું બતાવવા માટે કર્યું નથી, પોતાનું અભિમાન બતાવવા માટે કર્યું નથી પરંતુ ફક્ત ભવ્યજીવોના કર્મ અને દુ:ખોને શાંત કરવાને માટે વર્ણન કર્યું છે અથવા હંમેશા નિત્યરૂપે રહેવાવાળા મોક્ષસુખની પ્રાપ્તિ માટે, અથવા પોતાના આત્મજન્ય આનંદરસની પ્રાપ્તિ માટે, અથવા સમસ્ત જીવોની શાંતિ માટે અથવા સર્વદા મંગળ રહેવા માટે પોતાની ભક્તિ

ભવ્યપુરુષ ઉમંગથી મનોહર લાગતા સંસારના ઇંદ્ર ચક્રવાલ વગેરેના સાગભત સુખોનો અનુભવ કરતા, જન્મ મરણ અને ઘડપણ થી ભરેલા આ સંસારના દુખોનો નાશ કરે છે અને અનુક્રમે સ્વર્ગ અને પછી મોક્ષ પ્રાપ્ત કરે છે ॥ ૨૪ ૨૫ ૨૬ - ૨૭ ॥

मुद्विपञ्चाधिके पूते चतुर्विंशतिक शत ।
वर्षे वीरप्रभोर्मोक्ष उपष्ट स्वर्मोक्षदायिन ॥ २८ ॥
पक्षऽसितत्रयोदश्या सुदरे सामवासर ।
हिम्मतसिंहनरेशस्य न्यायनीतिदयायुज. ॥ २९ ॥
श्रेष्ठरत्नधनाकीर्णे हिम्मते नगरे वर ।
ध्वजादिभूषिते स्थित्वा श्रीचन्द्रप्रभुमन्दिरे ॥ २० ॥
मोक्षमार्गप्रदीपाऽय ग्रन्थ स्वमोक्षसाग्प्रद ।
लिखितो भव्यबोधार्थं भवाम्र' शांतिदतव ॥ ३१ ॥
स्वानदस्वादतृप्तेन दिगम्बरमुद्रिलिगिना ।
शांतिसागरशिष्येण कुन्थुसागरयोगिना ॥ ३२ ॥
कृता जयपुरे भाषा नान्नुलालेन शास्त्रिणा ।
दृष्टा च मगलकरी भाद्रमासे गुरौ दिन ॥ ३३ ॥
शुक्लपक्षस्य पचम्यां चतुर्नवतिमयुते ।
एकोनविंशतिशत शके श्रीविक्रमस्य वै ॥ ३४ ॥

चिंतामण कल्पतरो. समान सुखप्रद वांछितद यथेष्टम् ।
ग्रंथ ह्यघ ध्वांतहर स्वमूलात्सुबोधद मोक्षपदप्रद वै ॥ ३५ ॥
स्मरति गायति पठति भक्त्या त एव भव्याश्च नरामरत्वम् ।
कन्या लभन्ते सुखद सुधर्म क्रमात्तया शाश्वतक स्वराज्यम्॥

शिववरसुखदात्री वीरवाणी सदैव ।
मम शुभमतिदाता शांतिसिंधु सुधर्म. ॥ ३९ ॥

અર્થ—પરમદેવ ભગવાન શાંતિનાથ જીનરાજ સદા જયવંત રહો. દેવ, મનુષ્ય અને મુનિયોની દ્વારા પૂજ્ય શ્રીવર્ધમાન ભગવાન્ સદા જયવંત રહો. એ જન્મમાં મોક્ષસુખને આપવાવાળી ભગવાનું મહાવીર સ્વામીની વાણી સદા જયવંત રહો અને આચાર્ય શાંતિસાગર તથા સુધર્મસાગર કે જે મને શુદ્ધ બુદ્ધિ આપવાવાળા છે તે સદા જયવંત રહો ॥ ૩૮ ૩૯ ॥

॥ समाप्तोऽयं ग्रंथः ॥

—o—

श्री आचार्य कुंथुसागर ग्रंथमालाके स्थायिसदस्य

१ श्री दि जैन मंदिर जेहर
२ श्री दि जैन मंदिर नरसीपुर
३ शा हेमचंद पीतांबरदास नरसीपुर
४ श उगरचंद अमपाल्लाल ,,
५ शा दलीचन्दलाल नानचन्दजी जेहर
६ दामोदरदास बेचरदास ,,
७ शा शिवलाल हरगोविंदलाल नरसीपुर
८ वकी शिवलाल फतेचंद जेहर
९ ब्र प्यारेबाई जी दामरा
१० शा पुरुषोत्तमदास मगनलाल जेहर
११ शा भीखालाल रायचंद ,,
१२ शा फतचंद दोलचंद
१३ शा मोतीलाल केवलदास ,,
१४ वकी अमरचंद देवचंद
१५ वकी हरचंद गोरधनदास ,
१६ शा नेमचंद नानकचंद नरसीपुर
१७ शा अमचंद त्रिभुवनदास ,
१८ शा कानजीलाल हरजुभाई ,,
१९ शा हरीलाल शांतिदास जेहर
२० शा दिवशाल रुदुभाई ,,
२१ शेठ ठाकरचंद मगनचंदलाल गेडिया
२२ शा छोटालाल पीतांबरदास नरसीपुर
२३ शा हरीलाल मगनलाल जेहर
२४ श्री दि जैनमंदिर दाथोल
२५ शा चिमनलाल मादलाल मेहलाव
२६ शा केवलदास रावजीभाई ईडर
२७ शा हीरालाल फतेचंद सावली
२८ शा कालीदास नानचंद ईडर
२९ सेठ अबीरचंद रूलमीचंद कटनी
३० सेठ भोरजी शंभुरामजी मंदसौर
३१ शा भवानलाल पीताम्बरदास नरसीपुर
३२ शा मणीलाल जेसिंगभाई अहमदाबाद
३३ शा फुलचंद ताराभाई पादरा
३४ चिमनलाल शिवलाल कलोल
३५ चुनीलाल नरोत्तमदास नरसीपुर
३६ रेवचंद रवचंद रणियाल
३७ गांधी उगरचंद फुलचंद ,,
३८ शा रवचंद रेमचंद ,,
३९ छगनलाल जेठाभाई पाथीना
४० सि तोडरमल कन्हैयालाल कटनी